# નિજાનંદ

દિવ્ય શક્તિ સ્વરૂપનો સાક્ષાત્કાર મેળવી ચૂકેલા આત્માનંદના આશ્રમમાં લોકો દર્શન-સત્સંગ-માર્ગદર્શન મેળવવા આવતાં હતાં. કેટલાંક લોકો પોતાની સાંસારિક સમસ્યાઓ રજૂ કરે, તેનું માર્ગદર્શન મેળવતાં હતાં તો કેટલાંક અધ્યાત્મપિપાસુ, જિજ્ઞાસુ લોકો ઈશ્વરવિષયક પ્રશ્નો પૂછી ઈશ્વર પ્રત્યેની પોતાની શ્રદ્ધા, શરણાગતિ અને ઉપાસનાને સઘન બનાવવાનો પ્રયાસ કરતાં હતાં. ઈશ્વરની ઉપાસના માટે પોતાના મનમાં જાગેલા પ્રશ્નો, મૂંઝવણો અને ભયને દૂર કરવાનું માર્ગદર્શન મેળવી ઉપાસનાપથમાં નિશ્ચિત અને નચિંત થતાં હતાં.

એક વાર એક જિજ્ઞાસુએ પ્રશ્ન પૂછ્યો કે,



ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેની આરાધના માનવીને સત્ય અને આનંદની અનુભૂતિ અવશ્ય કરાવે છે. ઈશ્વર જ સત્ય છે. સત્ય જ ઈશ્વર છે. આથી જીવનમાં સત્યાચાર આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે

''ગુરુદેવ, સૌથી શ્રેષ્ઠ આનંદ ક્યો?'' સૌને એમ હતું કે ગુરુદેવ શું કહેશે, બ્રહ્માનંદ, પરમાનંદ? ગુરુદેવ ઉત્તર આપે એટલી ક્ષણોમાં સૌ એકદમ આતુર અને અધીર બની ગયાં. સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે એક જ શબ્દ કહ્યો: 'નિજાનંદ'. શબ્દ સાંભળી સૌના ચહેરા પર એક અનોખા અને અનેરા આનંદ અને સંતોષની અનુભૂતિ ઝળકી ઊઠી.

આપણે અત્રે એ નિજાનંદને સમજવાનો પ્રયાસ કરીએ. નિજાનંદ એટલે પોતીકો આનંદ. મનુષ્ય જ્યારે શ્રદ્ધા અને શરણાગતિથી પોતાના ઈષ્ટની અવિરત ઉપાસના કરે છે ત્યારે સમયાંતરે વ્યક્તિ અંદરથી આત્મપ્રતીતિ મેળવે છે. આત્માનો અવાજ અનુભવે છે, સાંભળે છે, તદનુસાર તે જીવનમાં ડગ ભરે છે. જીવનવ્યવહાર ચલાવે છે અને એને પ્રતાપે અને પ્રભાવે જે સરળતા અને સફળતા મળે છે ત્યારે જે આનંદ થાય છે તે નિજાનંદ.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

આ નિજાનંદ કેમ અને કેવી રીતે, શા માટે પ્રાપ્ત થાય છે તે પ્રશ્ન સહેજે ઉદ્ભવે છે. એ અંગે થોડું મનન-ચિંતન કરતાં એમ સમજાય છે કે ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આનંદ ઈશ્વરનું જ સ્વરૂપ છે. એ આનંદમાં બે બાબતોનો સમાવેશ થાય છે. સત્ એટલે સત્ય અને ચિત્ત એટલે માનવીનું ચિત્ત, મન, હૃદય, આત્મા. જીવન, સંસાર અને અધ્યાત્મની બાબતો પણ સત્યના સ્તર પર જ વિહરે છે. સત્યના એ સ્તર પર વિહાર કરતાં, એનું આચરણ કરતાં મનુષ્યને અંદરથી જે આનંદ, જે સરળતા, સહજતા પ્રાપ્ત થાય છે અને એમાંથી જે આનંદ મળે છે તે પોતીકો આનંદ- તે નિજાનંદ.

ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેની આરાધના માનવીને સત્-સત્ય અને આનંદની અનુભૂતિ અવશ્ય કરાવે છે. ઈશ્વર જ સત્ય છે. સત્ય જ ઈશ્વર છે. આથી જીવનમાં સત્યાચરણ આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે. સત્ય એટલે સચ્ચાઈ, પ્રામાણિકતા, નૈતિકતા. મન, વચન અને કર્મનું ઐક્ય. જેવું વિચારીએ તેવું જ બોલીએ અને તેવું જ આચરણ કરીએ. દા.ત. એક માણસ એક જગાએ નોકરી કરે છે તો તેણે પોતાની ફરજ સંપૂર્ણ નિષ્ઠા, પ્રામાણિકતાથી અને નૈતિકતાથી નિભાવવી જરૂરી છે. મનુષ્યની આ ફરજનિષ્ઠા તેના જે તે ક્ષેત્રમાં, સંસારમાં, વ્યવહારમાં અનોખો સ્વીકાર કરાવે છે, સ્થાન આપે છે, મોભો આપે છે. તેના વ્યક્તિત્વનો નિખાર પણ અલગ તરી આવે છે.

સત્ય, આનંદ એક ઊર્જા છે. એ ઊર્જાની અનુભૂતિ થાય. ઈશ્વર સત્ય સ્વરૂપ છે તો માણસનું સત્યાચરણ સીધું ઈશ્વરને જ પહોંચે છે. માનવજીવન સંઘર્ષોથી ભરેલું છે. એવા સમયે પણ મનુષ્ય સત્યનો જરા પણ પરિહાર ન કરે, કોઈ પણ સંજોગોમાં જૂઠાણાંનો આશ્રય ન લે, કદી પણ અન્યને નીચા પાડવાનો પ્રયત્ન તો શું, વિચાર સુધ્ધાં ન કરે ત્યારે તે સત્યના માર્ગે પ્રયાણ કરે છે.

સત્યના માર્ગે તત્કાળ સફળતા ન પણ મળે તો પણ એક બળ અંદરથી મળ્યા કરે છે જે તેને તેના પથ પર ગતિ-પ્રગતિ કરાવે છે. સમયાંતરે અચાનક સરળતા, સહજતા, સફળતા એવી આવી ચડે છે જેની માનવીને પોતાને પણ ખબર નથી પડતી. તેનો વીતેલો, વીતી રહેલો સંઘર્ષ તેને પોતાની સચ્ચાઈની પ્રતીતિ કરાવે છે એ પ્રતીતિ મનુષ્યને અનોખા અને અનેરા આનંદમાં ડૂબાડે છે. એ આનંદ તે જ નિજાનંદ.

આપણાં કોઈ વિકટ કાર્યો આપણે આપણી જ પ્રેરણા, મતિ, ગતિ અને શક્તિ અનુસાર પૂરાં કરીએ છીએ, ત્યારે અનોખો આનંદ આવે છે કારણ કે એ વિડંબના પાર કરવાની અઘરી જ હતી. છતાં આપણી પોતીકી સૂઝથી તે પાર કરી એટલે એનો આનંદ અદકેરો જ હોય છે એ જ નિજાનંદ.

આપણે આપણી મરજી મુજબ આપણી દૈનિક ઉપાસનાનો ક્રમ સંપન્ન કરીએ છીએ ત્યારે એનો



# ઈશ્વરની અકળ લીલા

એક જાણીતી કહેવત છે 'કસાઈને કુશળ સાધુને પીડા'. ઘણી વાર સમાજમાં જોવા મળે છે કે જે લોકો દુરાચાર, ભ્રષ્ટાચાર, અપ્રામાણિકતા સહિતના દૂષણોથી ભરપૂર હોય તે ખૂબ સુખેથી મોટર, ગાડી, બંગલા જેવી સુવિધાઓ સાથે મોજ-શોખથી જિંદગી જીવતા હોય છે અને સજ્જન, સદાચારીને કંઈને કંઈ મુશ્કેલીઓ ગરીબી, માંદગી સહિત કોઈને કોઈ રીતે પરેશાન થતા હોય છે. ત્યારે ઈશ્વરી ન્યાય અંગે શંકા ઉઠાવાતી હોય છે. પૂર્વ જન્મના કર્મફળને દોષ દેવામાં આવતો હોય છે ત્યારે સ્વાભાવિક ઈશ્વરી લીલા અંગે ગેરસમજ પ્રવર્તે. નાસ્તિક ખૂબ ધનવાન હોય અને ભક્ત ગરીબીમાં જીવન વિતાવતો હોય એવું પણ જોવા મળે તે સંબંધમાં એક સરસ રૂપક કથા જાણીતી છે.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

'નારાયણ... નારાયણ...' જપતા ત્રણેય લોકમાં ભ્રમણ કરતા, અવલોકન કરતા અને ત્રણેય લોકની નવા-જૂનીની ભગવાનને બાતમી આપતા રહેતા નારદજીએ એકવાર ભગવાનને પ્રશ્ન કર્યો કે, 'હે પ્રભુ! આપના ભક્ત ગરીબ કેમ હોય છે?' ભગવાને કહ્યું, 'નારદજી મારી કૃપા ને સમજવી ખૂબ મુશ્કેલ છે.' એમ કહી ભગવાન નારદજી સાથે સાધુ વેશમાં પૃથ્વી પર પધાર્યા અને એક ધનવાન શેઠને ત્યાં ભિક્ષા માંગવા દરવાજો ખટખટાવ્યો. 'કોણ હશે અત્યારે?' એમ બબડતા બબડતા શેઠજીએ દરવાજો ખોલ્યો અને જોયું તો બે સાધુ ઊભા હતા. સાધુ વેશધારી ભગવાને કહ્યું, 'ભાઈ ખુબ કકડીને ભૂખ લાગી છે. થોડું ખાવાનું મળશે?' શેઠજી ચિડાઈ બોલ્યા, 'તમને બંનેને શરમ નથી આવતી? તમારા બાપનો માલ છે? કામ કરીને ખાતા શરમ આવે છે? જાવ..જાવ.. અહીંથી કોઈ હોટલમાં જઈ ખાવાનું માંગો.' નારદજી બોલ્યા, 'જોયું પ્રભુ આ આપનો અનાદર કરનાર સુખી પ્રાણી (જીવ) છે.' નારદજીની વાત સાંભળી ભગવાને એ શેઠને 'વધુ ધન-સંપત્તિ મળે' તેવા આશીર્વાદ આપ્યા.



એ પછી ભગવાન નારદજીને લઈને એક ઘરડા માજીને ઘેર ગયા. નાની ઝૂંપડી હતી અને એક ગાય સિવાય કંઈ ખાસ માલ-સામાન નહોતો. ભગવાને ભિક્ષા માટે બૂમ પાડી. માજી ખુશ થઈને બહાર આવ્યાં. બંને સાધુઓને પોતાની પાસે જેવું હતું તેવું જૂનું પુરાણું આસન આપી બેસાડ્યા. તેમને પીવડાવવા દૂધ લઈને આવ્યાં અને બોલ્યાં, 'અતિથિ દેવ! મારી પાસે બીજું કંઈ છે નહીં. આનો સ્વીકાર કરો.'

ભગવાને પ્રેમથી દૂધનો સ્વીકાર કર્યો ત્યારે નારદે ભગવાનને કહ્યું, 'જુઓ ભક્તોની આ દુનિયામાં કેવી દુર્દશા છે. આ બિચારા માજી આપનું ભજન કરે છે અને અતિથિસત્કાર પણ કરે છે. આપ માજીને કોઈ સરસ આશીર્વાદ આપો. ભગવાને થોડું વિચારીને તેની 'ગાય મરી જાય' તેવો અભિશાપ આપ્યો.

પ્રકૃતિનો નિયમ છે, જે ચીજવસ્તુ માટે વધુ પડતો લગાવ- માયા રહે તે જીવ મરણ બાદ તે જ જન્મ લઈ વધુ દુઃખ ભોગવે છે એટલે પ્રભુનું ઇષ્ટદેવનું નામસ્મરણ, ચિંતન નિયમિત કરતા રહેવું જોઈએ

આ સાંભળી નારદજી ચીડાઈ ગયા અને કહ્યું, 'ભગવાન આ તમે શું કર્યું?' ભગવાન બોલ્યા, 'આ માજી મારું બહુ ભજન કરે છે. થોડા દિવસોમાં તેનું મૃત્યુ થશે અને મરતી વખતે તેને તેની ગાયની ચિંતા સતાવશે કે મારા મરણ પછી મારી ગાયને કોઈ કસાઈ લઈ જઈને કાપી નાખશે તો? મારા મરણ પછી તેની દેખભાળ કોણ કરશે? માજીને મરતી વખતે મારું સ્મરણ નહીં રહેતા, તેને ગાયની ચિંતા રહેશે અને તે મારા ધામમાં નહીં જતા ગાયની યોનિમાં ચાલી જશે.

પેલા શેઠને 'ધન વધે' તેવા આશીર્વાદ આપ્યા એટલે તે ધન, દોલત, તિજોરીનું ધ્યાન કરશે અને મરણ પછી તે તિજોરીને સાચવવા સાપ બનશે.

પ્રકૃતિનો નિયમ છે, 'જે ચીજવસ્તુ માટે વધુ પડતો લગાવ- માયા રહે તે જીવ મરણ બાદ તે જ જન્મ લઈ વધુ દુઃખ ભોગવે છે એટલે પ્રભુનું ઈષ્ટદેવનું નામસ્મરણ, ચિંતન નિયમિત કરતા રહેવું જોઈએ. વિદ્વાનોનું દઢ મંતવ્ય છે કે ભૌતિક સુખસંપત્તિ ભોગ જીવતાજીવત ખૂબ ગમે પરંતુ પ્રભુપ્રાપ્તિ માટે માયામુક્ત બનવું આવશ્યક છે. 'ઈદં ન મમ'.